MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

# શૈક્ષણિકપાઠોના આયોજનની ગુણવતા માટે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના અને અજમાયશ

Dr Lalitaben P. Damor
Principal
Shree J.K. Desai Bed College . Jhalod,

**સારાંશ :-**

કોઈપણ કાર્ય કરતાં પહેલાં તેના અંગે પૂર્વવિચારણા કરવામાં આવે તો તે કાર્યનાં અપેક્ષિત પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ પૂર્વવિચારણા એટલે આયોજન. આયોજન એ સાધનો અને શક્તિનો કરકસરયુક્ત ઉપયોગ કરી ચોક્કસ સમયમાં અપેક્ષિત હેતુઓને સિદ્ધ કરવાની યોજના છે. ગૂતિકના મતાનુસાર, 'જે કરવાનું છે તેની વિસ્તૃત રૂપમાં રૂપરેખા તૈયાર કરવી અને સાહસ કે કાર્ય માટે નિયત કરેલા ધ્યેયની સિદ્ધિ માટે જે પદ્ધતિનો ઉપયોગ કરવાનો હોય તે નક્કી કરવાં.'

કોઈ કાર્યને સાકાર બનાવવા, તેને મૂર્તિમંત બનાવવા યોજના ઘડવી, તેની પ્રત્યેક નાની નાની હકીકતો અને વિગતોનો વિચાર કરવો તથા એ સૌના અમલ માટે પગથિયાવાર વિવિધ પ્રયુક્તિઓનો ખ્યાલ કરી લેવો અને અંતે તે સઘળું દક્ષતાપૂર્વક પૂર્ણ થયા પછી કયા પરિણામોની નિષ્પત્તિ થશે તે નક્કી કરવું આ પ્રકારની પ્રક્રિયાને આયોજન તરીકે ઓળખી શકાય.

'ક્યાં છે ? ક્યાં જવું છે ? લક્ષ્યાંક શી રીતે પ્રાપ્ત કરવો છે ? લક્ષ્યાંકે પહોંચવા કોની કોની સહાય લેવાની છે ? કેટલી સહાય લેવાની છે ? લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં કયાં અવરોધો આવશે ? એ અવરોધો શી રીતે દૂર કરી શકાશે ? વગેરેનો માનસિક વિચાર કે ચિંતન કરવું એ જ આયોજન. કોઈપણ પ્રવૃત્તિ કે યોજનાને સફળતાપૂર્વક પાર પાડવા માટે તેના વિવિધ પાસાંઓનું ઝીણવટભર્યું ચિંતન આ ચિંતનની એક તલસ્પર્શી, સુવ્યવસ્થિત નોંધને આયોજન કહી શકાય.

**પ્રસ્તાવના :-**

શિક્ષકની તાલીમમાં શૈક્ષણિકપાઠોનું આગવું મહત્ત્વ છે. શિક્ષક બનવા માટે શાળાકીય અનુભવોમાં શૈક્ષણિકપાઠો અનિવાર્ય જરૂરિયાત છે. વર્તમાન સમયમાં તાલીમના વ્યવહારું પાસાં પર નજર કરીએ તો પ્રવેશ પ્રક્રિયામાં વિલંબ, સેમેસ્ટર વ્યવસ્થા, તાલીમાર્થીઓની માનસિકતા, વર્ગમાં વિદ્યાર્થીઓનો સહયોગ મુખ્ય છે. આ

ઉપરાંત પાઠની ગુણવતા આયોજન અને તે સંદર્ભે પ્રાપ્ત થતું માર્ગદર્શન પણ મહત્ત્વનું છે. (૨૦૨૨ – ૨૩ ) દ્વારા હાથ ધરેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે તાલીમાર્થીઓને પાઠઆયોજન કરવામાં કંટાળો આવે છે. આ ઉપરાંત કેટલાક અધ્યાપકો પાઠ આયોજન નોંધ વારંવાર લખાવે છે. કોલેજોમાં તાલીમાર્થીઓની સંખ્યામાં અસમતોલ સંખ્યાનો પ્રશ્ન સર્જાય ત્યારે તેની સીધી અસર પાઠ માર્ગદર્શન પર થાય છે. તેમજ પાઠ નિરીક્ષણ દરમિયાન કેટલાક તાલીમાર્થીઓમાં ખામીયુક્ત પાઠઆયોજન પણ મંજૂર થયેલા માલુમ પડ્યા હતા. આ સંજોગોમાં તાલીમાર્થીઓ દ્વારા થતા આયોજનમાં રહી જતી ખામીઓ જાણી તેને અસરકારક બનાવવા સાચો ઉકેલ શું હોઈ શકે? તેનું લેખિત માર્ગદર્શન તૈયાર કરી તે કેટલું અસરકારક રહે છે, તે જાણવાનો આ અભ્યાસમાં પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**સમસ્યા શીર્ષક :-** શૈક્ષકિપાઠોના આયોજનની ગુરુવત્તા માટેના સ્વમાર્ગદર્શન કાર્યક્રમની રચના અને અજમાયશ

**અભ્યાસના હેતુઓ :-**

પ્રસ્તુત અભ્યાસ નીચેના હેતુઓને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવ્યો હતો.

- શૈક્ષણિકપાઠોના આયોજનમાં રહી જતી ખામીઓ જાણવી.
- શૈક્ષણિકપાઠોના આયોજનમાં જોવા મળતી ખામીઓ સંદર્ભે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના કરવી.
- શૈક્ષણિકપાઠોના આયોજન માટેના સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની અસરકારકતા જાણવી.

**મહત્ત્વ :-**

પ્રસ્તુત અભ્યાસથી શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં શૈક્ષણિકપાકોની ગુણવત્તા સુધારની દિશામાં મદદરૂપ બની શકે છે.

- શિક્ષણ પ્રશિક્ષણમાં શૈક્ષણિકપાઠ આયોજનમાં થનારી ભૂલો જાતે શોધી શકવા સમર્થ બની શકશે.
- શૈક્ષણિકપાઠના આયોજનમાં સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના ઉપયોગથી આયોજન ભૂલરહિત અને ગુણવત્તાપૂર્ણ બનાવી શકાશે.
- શૈક્ષણિકપાઠ આયોજન ઓળખયાદી અને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની અસરકારકતા ચકાસી તેને વ્યાપક, ફરજીયાત અને આવશ્યક બનાવી શૈક્ષણિકપાઠોની ગુણવત્તા વધારી શકાશે.

**સીમાંકન :-**

પ્રસ્તુત અભ્યાસમાં નીચે મુજબનું સીમાંકન્ કરવામાં આવ્યું હતું

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 03, June 2024

- પ્રસ્તુત અધ્યયન પંચમહાલ જિલ્લા ખેડત કેળવણી મંડળ લીમખેડા સંચાલિત , શ્રી બી.એમ. બી.એડ કોલેજ , લીમખેડા પૂરતો મર્યાદિત હતો
- માહિત પ્રાપ્તિના સ્રોત તરીકે તાલીમાર્થીઓની પાઠઆયોજન નોંધપોથીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
- ઓળખયાદી અને પાઠઆયોજન સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના માટે વિવિધ પદ્ધતિઓના કુલ ૫૦ પાઠ આયોજનનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.
- સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની અસરકારકતા ચકાસવા માટે ઓળખયાદી દ્વારા નોંધેલી ભૂલોની સંખ્યાનો જ આધાર લેવામાં આવ્યો હતો.

**પ્રશ્નો :-**

- શૈક્ષણિકપાઠોના આયોજનમાં કઈ કઈ ખામીઓ જોવા મળે છે?
- શૈક્ષણિકપાઠ આયોજનની ખામીઓ સંદર્ભે આદર્શ માર્ગદર્શન શું હોઈ શકે?
- શૈક્ષણિકપાઠોના આયોજન સંદર્ભે તૈયાર થયેલ સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ કેટલો અસરકારક છે?

**નમૂનો :-**

પ્રસ્તુત અભ્યાસમાં નમૂના પસંદગી અંતર્ગત કોલેજની પસંદગીમાં હાથવગા નમૂના તરીકે શ્રી પંચમહાલ જિલ્લા ખેડત કેળવણી મંડળ લીમખેડા સંચાલિત , શ્રી બી.એમ. બી.એડ કોલેજ , લીમખેડા પસંદ કરી હતી ,ત્યારબાદ કુલ 100 તાલીમાર્થીઓમાંથી કુલ ૫૦ તાલીમાર્થીઓને સ્તરીકૃત યાદચ્છિક નમૂના પસંદગીની રીતે લેવામાં આવ્યા હતા. જેમાં તેઓ દ્વારા તૈયાર થયેલ પાઠઆયોજન માહિતી સ્રોતનું પ્રાથમિક માધ્યમ હતું.

**ઉપકરણ :-**

પ્રસ્તુત અભ્યાસમાં મુખ્યત્વે બે ઉપકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રથમ પાઠઆયોજનની ભૂલો ચકાસવા માટેની ઓળખયાદી અને દ્વિતીય પાઠ આયોજનના માર્ગદર્શન માટે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ. ઉપકરણની રચના માટે તાલીમાર્થીઓ દ્વારા પાઠઆયોજનમાં થતી ભૂલો બાબતે સ્વાનુભવ, અધ્યાપકોના અનુભવોની જાણકારી મેળવી હતી. તેમજ પસંદ કરેલ તાલીમાર્થીઓની પાઠઆયોજન નોંધપોથી ચકાસવામાં આવી. તેમાં થયેલ ભૂલો નોંધીને એક સર્વગ્રાહી ઓળખયાદી તૈયાર કરી હતી, જેમાં કુલ ૫૦ બિંદુઓને આવરી લેવાયા હતા. જેમાં હા/ના એ રીત નોંધ કરવાની હતી. આ માહિતીના આધારે ભૂલો થતી હોય તેવી બાબતો સંદર્ભે સૈદ્ધાંતિક અને વ્યવહારુ ઉકેલ શા હોઈ શકે તેનું ચિંતન કરીને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ તૈયાર કર્યો હતો. જેનો ઉપયોગ કરી તાલીમાર્થીઓએ બીજીવાર માર્ગદર્શન કરવાનું હતું. સ્વ-માર્ગદર્શન કાર્યક્રમમાં સામાન્ય માહિતી, પાઠના વિવિધ સોપાનો, દરેક સોપાનની સમજ અને તેની નોંધ શા માટે, કેવી રીતે, ક્યાં કરવી જેવા

પ્રશ્નોના ઉકેલ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત પાઠ સંદર્ભની વિવિધ સંકલ્પનાઓ રજૂ કરી સ્પષ્ટતાઓ પણ કરવામાં આવી હતી.

**માહિતીનું એકત્રીકરણ :-**

અધ્યતાએ નમૂનાના પાત્રો પાસેથી તેમણે કરેલા શૈક્ષણિકપાઠ આયોજન નોંધપોથી મેળવી તેની પ્રથમ વિશદ અને સૂક્ષ્મ અભ્યાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસ દરમિયાન કુલ ૫૦ વિગતોના આધારે ઓળખયાદીની મદદથી ચકાસી કરી સ્કોર નોંધવામાં આવ્યો હતો. જે પાઠઆયોજનમાં થયેલી ભૂલો દર્શાવતો હતો. ત્યારબાદ તૈયાર કરેલ સ્વ માર્ગદર્શન કાર્યક્રમ આપી સૂચવ્યા અનુસાર પાઠ આયોજન કરવા જણાવ્યું હતું. સ્વ-માર્ગદર્શન કાર્યક્રમના આધારે તૈયાર થયેલ પાઠઆયોજન ચકાસી માહિતી મેળવી સ્કોર નોંધવામાં આવ્યો હતો, પ્રથમ પાઠઆયોજન અને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમને અંતે થયેલ પાઠ આયોજનના સ્કોરનો ઉપયોગ અસરકારકતા જાણવા કર્યો હતો. ભૂલોના વિશ્લેષણ માટે તાલીમાર્થીઓની મદદ લેવામાં આવી હતી.

માહિતીના વિશ્લેષણની રીત :-

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું ગુણાત્મક અને સંખ્યાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. પાઠ આયોજનના અવલોકનના આધારે ઓળખયાદીની રચના કરવામાં આવી હતી. તેમજ પાઠ આયોજનમાં જોવા મળતી ભૂલોનું વિશ્લેષણ સારણી, સ્કોર નોંધવામાં આવ્યો હતો. પાઠ આયોજન સ્વ -માર્ગદર્શન કાર્યક્રમના અમલ બાદ ટી ટેસ્ટ વધુ અસરકારકતા ચકાસવામાં આવી હતી.

**તારણો :-**

- પાઠઆયોજન નોંધપોથીના અવલોકન દરમિયાન પાઠઆયોજન નોંધપોથીમાં ભૂલો જોવા મળી હતી,
- પાઠ આયોજન સંદર્ભે વિગતો ના નોંધવી, સંકલ્પનાઓ સ્પષ્ટ ના હોવી જેવી બાબતો મુખ્ય હતી.
- પાઠઆયોજન માટે બનાવેલ સ્વ-માર્ગદર્શન કાર્યક્રમનો અમલ અસરકારક જણાયો હતો.
- અધ્યાપકો અને તાલીમાર્થીઓ ઉભયપક્ષે આ માર્ગદર્શન કાર્યક્રમ સ્વીકૃત જણાયો હતો.

**શૈક્ષણિક સૂચિતાર્થો :-**

પ્રસ્તુત અધ્યયનના તારણો ને આધારે નીચે મુજબના સૂચિતાર્થી પ્રાપ્ત થયા હતા.

- શેક્ષણિકપાઠોના આયોજનનું પાસું મહત્ત્વનું હોવાથી તે તરફ પ્રશિક્ષક અને તાલીમાર્થી બંને પક્ષે ધ્યાન દોરનારું ઘટક છે.
- પાઠઆયોજન ઓળખયાદી અને પાઠ આયોજન સ્વ-માર્ગદર્શન બંનેના ઉપયોગથી ઉભય પક્ષે ઉપયોગી ઘટક બની શકે છે. જેના ઉપયોગથી સમય શક્તિનો બચાવ થશે.

- પાઠઆયોજન ઓળખયાદી અને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ તાલીમાર્થીને સ્વ- સુધારણાથી પાઠ આયોજનની ગુણવત્તામાં સુધારો કરી શકાશે.
- સ્વ-વિશ્લેષણ, સ્વ-ચિંતન, સ્વ-માર્ગદર્શન અને સ્વ-સુધારણા માટેનો ઉપયોગી આધાર બની શકે છે.

પાઠ આયોજનની ગુણવત્તા પર પથની અસરકારકતા નિર્ભર કરે છે. આ કાર્યમાં તાલીમાર્થી અને પ્રશિક્ષક બંનેની સક્રિય ભૂમિકા અપેક્ષિત હોવાથી આ કામગીરીમાં વિશ્લેષણ અને ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે તો સારાં પરિણામો મળી શકે. આ માટે ભૂલોની ઓળખયાદી અને સ્વ-માર્ગદર્શન કાર્યક્રમ જેવાં શૈક્ષણિક સાધનો સમગ્ર પ્રક્રિયા માટે ઉપકારક બનવાની શક્યતા ધરાવે છે. તે બાબત આ અભ્યાસની નીપજ છે.

**સંદર્ભસૂચિ :-**

દેસાઈ, કે. જી. અને શાહ, જે.એચ.(૨૦૦૦). " સંશોધન અને પદ્ધતિઓ' અમદાવાદઃયુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

દેસાઈ, કે., શાહ, જે. એચ. અને શાહ, આર. પી., (૧૯૮૪)."શૈક્ષણિક પરિભાષા અને વિભાવના', અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

શાહ,ડી.બી.(૨૦૦૯).“શૈક્ષણિક સંશોધન(દિશાદર્શન)” અમદાવાદઃપ્રમુખ પ્રકાશન.

રાવલ બી.આઈ.(૨003). દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી સંલગ્ન બી.એડ. કૉલેજોમાં તાલીમાર્થીઓને બી.એડ.ની તાલીમ અંતર્ગત નડતી સમસ્યાઓનો અભ્યાસ અપ્રકાશિત લઘુશોધ નિબંધ. દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત.

**જગતમાં મોટામાં મોટી મુશ્કેલી એ છે કે મૂર્ખ લોકોનો આત્મવિશ્વાસ કદી પણ ડગતો નથી અને બુદ્ધિશાળી લોકો પોતાના સંદેહો કદી છોડતા નથી.**

Certificate No.:0203202420

# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH

(MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**Dr Lalitaben P. Damor**

In recognition of the publication of the paper entitled

**શૈક્ષણિકપાઠોના આયોજનની ગુણવત્તા માટે સ્વ-માર્ગદર્શન કાર્યક્રમની રચના અને અજમાયશ**

Published in Volume 02, Issue 03, June 2024.

**EDITOR IN CHIEF**